અને હજ તથા ઉમરહ માત્ર અલ્લાહના માટે જ પૂર્ણ કરો

દિવ્ય કુર્આન ૨:૧૯૬

ઉમરહ કેવી રીતે કરવો

ઉમરહ કરવાની વિધિની સરળ ગુજરાતીમાં સમજૂતિ



લેખક

હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ

مجمع الدعوة الإسلامي

ઈસ્લામિક દા'વહ અકાદમી

ચેરિટી નોંધણી નં. ૧૦૬૫૧૭૫

www.idauk.org

અને હજ તથા ઉમરહ માત્ર અલ્લાહના માટે જ પૂર્ણ કરો

દિવ્ય કુરૂઆન ૨:૯૬

ઉમરહ
કેવી રીતે કરવો

ઉમરહ કરવાની
વિધિઓની
સરળ ગુજરાતીમાં
સમજૂતિ

લેખક
હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ

ભાષાંતર
આદમ ઘોડીવાલા

ઈસ્લામિક દા'વાહ અકાદમી

©ઈસ્લામિક દા'વાહ અકાદામી
હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત કૃત
હાઉ ટુ પરફોર્મ ઉમરહ
નું ગુજરાતી ભાષાંતર
પ્રકાશન નં : ૧

સર્વ હક્ક સ્વાધીન. આ પ્રકાશનનો કોઈપણ અંશ ઈસ્લામિક દા'વાહ અકાદમીની પૂર્વ મંજૂરી વગર પુનર્મુદ્રિત, પુનઃ પ્રાપ્તિ માટે સંગ્રહિત, કે વીજાણુ, યાંત્રિક, ફોટોકોપી, ધ્વનિઅંકિત કે અન્ય સ્વરૂપે પ્રેષિત કરવો નહીં.

આ પુસ્તિકાના પ્રથમ પ્રકાશન પછી હરમ શરીફમાં ઘણા ફેરફારથયા છે. આ આવૃત્તિમાં ફેરફારોથી અસર પામેલ ભાગોના સ્વરૂપાંતર કર્યાં છે.

પ્રકાશક
Islamic Da'wah Academy
120 Melbourne Road
Leicester, England
LE2 0DS
Tel. (0116) 262 5440

Website www.idauk.org

સૂચિ

પ્રાસ્તાવિક...iv

અગત્યનાં સૂચનો ૧

ઉમરહ ૩

ઉમરહની ફઝીલત ૩

ઉમરહના જરૂરી અમલો ૩

રવાનગી ૪

એહરામ ૪

એહરામમાં જેની મનાઈ છે ૬

એહરામમાં જેની છૂટ છે ૭

મક્કાહ મુકર્‌રમહમાં ૯

તવાફ ૧૧

સ‘ઈ ૧૮

હલક ૨૦

મક્કાહ મુકર્‌રમહમાં હોય ત્યારે ૨૧

વિશેષાર્થ શબ્દકોશ ૨૩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

પ્રાસ્તાવિક

આ ટૂંકી પણ સર્વગ્રાહી પુસ્તિકા ઉમરહની વિધિઓની રૂપરેખા રજૂ કરે છે. અલ્લાહ તઆલાની અસીમ દયાથી જ હું ઈસ્લામના ઉદ્દેશ અર્થે આ નમ્ર કાર્યનો ફાળો આપી શકયો છું.

સન ૧૯૮૭માં, જયારે હું મારી લાંબી માંદગીમાંથી સાજો થઈ રહ્યો હતો, ત્યારે મારા ભાઈ, (મૌલાના) હાફિઝ ઈસ્માઈલે ઉમરહ વિશે અંગ્રેજીમાં ટૂંકી અને સર્વગ્રાહી કિતાબની જરૂરિયાત તરફ મારું ધ્યાન દોર્યું. તેમણે તેમની ઈચ્છા વિશે વારંવાર યાદ અપાવી અને હું શરૂ કરું એવો આગ્રહ કર્યો. મારી ઈલ્મી, શારીરિક નબળાઈ છતાં, મારી પોતાની પણ આ માટે પ્રબળ ઈચ્છા હતી. આમ મેં મક્કમ નિર્ધાર કરી અલ્લાહ તઆલાના નામથી કામ શરૂ કર્યું.

આ પુસ્તિકામાં ઉમરહની રીત, વિધિઓ અને અમલો વિશે તમામ જરૂરી માહિતી છે, યોગ્ય હોય ત્યાં આકૃતિ રેખાંકનો આપ્યાં છે. ઈન્શા અલ્લાહ, તમને એમાં ઘણા પ્રશ્નોના જવાબ મળી રહેશે.

અલ્લાહ તઆલા તેની દયા અને કૃપાથી એમાં કંઈ ત્રૂટિઓ હોય તો માફ કરે, અને આ પ્રકાશનને શકય બનાવનારા તમામને તેમના પ્રયાસોનો ભરપૂર બદલો આપે.

હું વાંચનારને ભારપૂર્વક વિનંતી કરું છું કે તેમની દુઆઓમાં મને, મારા ઉસ્તાદોને, કુટુંબને, મિત્રોને તથા આ પુસ્તિકામાં સહાય કરનાર સૌને યાદ રાખે.

મુહમ્મદ સલીમ ધોરાત
લેસ્ટર, ઇંગ્લેન્ડ
રજબ ૧૪૦૭/માર્ચ ૧૯૮૭

અગત્યના સૂચનો

૧ શરૂઆતમાં જ ભારપૂર્વક સૂચન કરવાનું કે, ઉમરહ કરવા માટેની નિય્યત નિખાલસ હોવી જોઈએ, કેમકે દરેક અમલનું મૂલ્ય નિય્યતથી અંકાય છે. પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું :

''અમલોનો બદલો નિય્યત પર આધારિત છે.''

બુખારી

નિય્યત માત્ર અલ્લાહ તઆલાને રાજી કરવાની, સર્જનહાર અલ્લાહ તઆલા પાસેથી એવા બદલાની આશા સાથે જેનું વચન અલ્લાહે આપણા પ્યારા પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ દ્વારા આપ્યું છે, અને આપે બતાવેલ રીતે અદા કરવાની હોવી જોઈએ. આ હમેશાં આપણા ધ્યાનમાં રાખવાનું છે.

૨ તમે પર્યટન કે રજાઓ ગાળવા જાવ છો એવો વિચાર મનમાં ન લાવશો. ના, તમે યપગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મહાન સુન્નત અદા કરવા જાવ છો. તમે મક્કાહ જાવ છો જયાં આપણા પ્યારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો જન્મ થયેલો, અને મદીના જાવ છો જયાં આપ આરામ ફરમાવે છે. તમે અલ્લાહ તઆલાના ઘર કા'બાની મુલાકાતે જાવ છો જે ચોતરફ ફરિશ્તાઓથી ઘેરાયેલો હોય છે, અને જેના પર સતત અલ્લાહ તઆલાની કૃપા અને આશિષ ઊતરે છે.

૩ પાક જગ્યાઓની તમારી મુલાકાત બાબત એટલું યાદ રાખો કે,

અલ્લાહ તઆલા આવી બરકતવંત તક બધાને આપતો નથી, અને જેમને એણે આ તકથી નવાજયા છે તેઓ સમય અને પૈસા ખર્ચીને કોઈ પણ લાભ તથા બદલા વગર રહે તે કમનસીબી ગણાય. સમાન્ય રીતે, નુકસાન અને બરબાદી શયતાન તથા નફસ (નીચ વૃત્તિઓ) ને કારણે આવે છે. તેથી તેમના છળકપટ અને દુષ્ટતાથી સભાન રહો.

૪ તમે ઉમરહ માટે રવાના થાવ તે અગાઉ આ કિતાબ વાંચો, વધુ સારું તો એ કે તમે તમારા વિસ્તારના કોઈ આલીમની સાથે વાચન કરો, જેથી કંઈ ન સમજાય તો તેમને પૂછી શકાય. આ રીતે તમે આ કિતાબમાં દર્શાવેલ રીત મુજબ સહેલાઈથી અમલ કરી શકશો.

૫ તમારે દીની બાબતે કે ઉમરહ વિશે કંઈ પણ પ્રશ્ન હોય તો કોઈ આલીમ અથવા દીનના જાણકારની સલાહ લો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ રદિઅલ્લાહુ અન્હુ**થી રિવાયત છે, રસૂલુલ્લાહ** સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે **ફરમાવ્યું, ''**હજ અને ઉમરહ **વાંરવાર કરતા રહો કેમકે તે (**હજ અને ઉમરહ**) ગરીબી અને ગુનાઓને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ભટ્ટી લોખંડ, સોના અને ચાંદીના મેલને.''**

તિરમીઝી, નસ'ઈ

ઉમરહ

ઉમરહ 'નાની હજ' પણ કહેવાય છે. એ સુન્નત છે અને હજના પાંચ દિવસ એટલે ૯ ઝુલ હજ થી ૧૩ ઝુલ હજ સિવાય વર્ષમાં ગમે ત્યારે કરી શકાય. આ પાંચ દિવસ દરમિયાન ઉમરહ કરવો મકરૂહે તહરીમી છે.

ઉમરહની ફઝીલત

૧ એક ઉમરહ તેના અને બીજા ઉમરહ વચ્ચેના ગાળામાં થયેલ ગુનાઓનો પસ્તાવો–તૌબા છે.

બુખારી, મુસ્લિમ

૨ રમઝાનમાં એક ઉમરહ હજની બરાબર છે. બીજી રિવાયતમાં છે કે મારી સાથે હજ કરવા બરાબર છે.

મુસ્લિમ

૩ હજ અને ઉમરહ કરનાર અલ્લાહ તઆલાના પ્રતિનિધિ છે. તેઓ એને પુકારે તો એ જવાબ આપે છે અને તેઓ એની માફી માંગે તો એ માફ કરે છે.

ઈબ્ને માજહ

ઉમરહના જરૂરી અમલો

ઉમરહના ફર્ઝ બે છે :

૧ એહરામ (ખાસ પોશાક, નિય્યત અને તલ્બીયહ)

૨ તવાફ (નિય્યત સાથે)

ઉમરહના વાજિબ બે છે :

૧ સ'ઈ–સફા અને મરવાહ વચ્ચે સાત ચક્કરો ફરવા.

૨ હલક કે કસ્ર કરવુ.

રવાનગી

૧ રવાનગી અગાઉ, તમારા ઘરમાં બે રકાત નફલ પઢો. બે રકાત પૂરી કરી, પ્રથમ અલ્લાહ તઆલાનો શુક્રિયહ માનો કે, તેણે આ પાક અમલ કરવાની સમજ અને બરકતવંત તક આપીને તમારા પર અહેસાન કર્યું.

૨ પછી અલ્લાહ તઆલાથી દુઆ કરો, કે તે તમારી મુસાફરીને આસાન બનાવે અને સમ્પૂર્ણ બરકત અને ફાયદો અર્પે. વળી તમને શયતાન અને નફસની બુરાઈથી બચાવે. તમારા સમયનો એવા અમલોમાં સદ્ઉપયોગ થાય કે જેનાથી તે રાજી થાય અને તે તમારા ઉમરહને કબૂલ કરે.

૩ હવે મુસાફરી શરૂ કરો. મુસાફરી દરમિયાન પાંચ ફર્ઝ નમાઝો નિયમિત સમયસર પઢવી. કોઈને તકલીફ પહોંચાડવી નહીં. બલકે, કોઈને મદદની જરૂર હોય તો સહાય કરવી. સમય બરબાદ કરવો નહીં. શીખવા શીખવવામાં, નસીહત કરવામાં અને અલ્લાહ તઆલાના ઝિક્રમાં મશગુલ રહેવું.

એહરામ

૧ મીકાત પર પહોંચી (કે તે પહેલાં) શક્ય હોય તો, ગુસલ નહિતર વુઝુ કરો. પછી એહરામનાં કપડા પહેરો, સફેદ રંગના વધુ સારું – બે ચાદર, એક શરીરનો નીચેનો ભાગ ઢાંકવા અને બીજી ઉપરના ભાગ માટે. આ સાથે પુરુષો અત્તર લગાડી શકે. ઓરતોએ પોતાના રાબેતા મુજબના પોશાકમાં ચહેરા સિવાયનું અંગ ઢાંકવું.

૨ બે રકાત નફલ એહરામની નિય્યત સાથે પઢો (માથું ઢાંકીને) પ્રથમ રકાતમાં **'કુલ યા અય્યુહલ કાફિરુન'** અને બીજી રકાતમાં **'કુલ હુવલ્લાહુ અહદ'** પઢો. આ સુરતો પઢવી બેહતર છે, બીજી સુરતો પણ પઢી શકાય.

૩ બે રકાત પૂરી કરી, ઉઘાડા માથે મુસલ્લા પર બેસી ઉમરહની નિય્યત નીચે મુજબ કરો :

اَللّٰهُمَّ اِنِّيْ اُرِيْدُ الْعُمْرَةَ فَيَسِّرْهَا لِيْ وَتَقَبَّلْهَا مِنِّيْ

અલ્લાહુમ્મ ઈન્ની ઉરીદુલ ઉમરત ફયસ્સિરહાલી વતકબ્બલહા મિન્ની

"હે અલ્લાહ, હું ઉમરહ કરવાની નિય્યત કરું છું. મારા માટે તે આસાન કર અને કબૂલ કર."

પછી નીચેની દુઆ (જે તલ્બીયહ કહેવાય છે) ત્રણ વાર પઢો :

لَبَّيْكَ اَللّٰهُمَّ لَبَّيْكَ۔ لَبَّيْكَ لَا شَرِيْكَ لَكَ لَبَّيْكَ
اِنَّ الْحَمْدَ وَالنِّعْمَةَ لَكَ وَالْمُلْكَ لَا شَرِيْكَ لَكَ

લબ્બૈક, અલ્લાહુમ્મ લબ્બૈક. લબ્બૈક લા શરીક લક લબ્બૈક. ઈન્નલ હમ્દ વન્નિઅમત લક વલ મુલ્ક. લા શરીક લક.

"હું તારી સેવામાં હાજર છું, હે અલ્લાહ, હું હાજર છું. હું હાજર છું, તારો કોઈ ભાગીદાર નથી, હું હાજર છું. સાચે જ, વખાણ અને નેઅમતો તારી છે, અને સત્તા. તારો કોઈ ભાગીદાર નથી.

પુરુષો આ દુઆ મોટા અવાજે અને ઓરતો ધીમેથી પઢે. પછી દુરુદ શરીફ પઢો અને દુઆ માંગતા રહો.

એહરામ પૂર્ણ બંધાય છે :

(ક) નિય્યત કરવાથી

(ખ) તલ્બીયહ પઢવાથી

હવે તમારે મનાઈના કામો કરવાના નથી.

એહરામમાં જેની મનાઈ છે :

૧ મીયાં–બીબીના સહશયનની, ચૂંબનની, આલિંગનની અને ઓરતોની હાજરીમાં જાતીય બાબતોની વાતચીતથી સખ્ત મનાઈ છે.

૨ અલ્લાહ તઆલાએ નાજાઈઝ ફરમાવેલ કામોની મનાઈ છે, દા.ત. બીભત્સતા, મર્યાદાભંગ, લડાઈઝઘડો, વગેરે.

૩ પ્રાણીઓનો શિકાર કે શિકારમાં સહાય કરવાની મનાઈ છે, જૂ કે માંખી–મચ્છર મારવાની પણ મનાઈ છે.

૪ અત્તર, પરફ્યુમ, સુગંધી તેલ કે સુગંધી ચીજ–શરીરે, કપડાં પર, ખોરાક કે પીણામાં વાપરવાની મનાઈ છે.

૫ શરીરના કોઈ પણ ભાગના વાળ મૂંડવા કે કાપવાની અને નખ કાપવાની મનાઈ છે.

૬ પુરુષો માટે સીવેલાં કપડાં પહેરવાની મનાઈ છે.

૭ પુરુષો માટે પગની પાટલીના ઉપરના ભાગનું વચ્ચેનું હાડકું ઢંકાઈ જાય એવાં પગરખાં પહેરવાની મનાઈ છે.

૮ પુરુષોએ પોતાનું માથું અને ચહેરા ઢાંકવાં નહીં.

૯ સ્ત્રીઓએ પોતાનો ચહેરો ઢાંકવો નહીં. પુરુષોની હાજરીમાં ચહેરો એ રીતે ઢાંકો કે કપડું ચહેરાને ન અડે.

૧૦ કોઈ પણ મુસ્લિમને ઈજા ન પહોંચાડો – શબ્દોથી, શારીરિક કે કોઈપણ રીતે.

એહરામમાં જેની છૂટ છે.

૧ છત્રી કે ગાડીના છત જેવી વસ્તુ માથાને અડે નહીં એ રીતે તેનો છાંયડો લેવાની છૂટ છે.

૨ વીંટી, ચશ્મા, સાંભળવાનું કાનનું મશીન, ઘડિયાળ, બેલ્ટ કે પૈસા અને દસ્તાવેજો સાચવવા કમરપટો પહેરવાની છૂટ છે.

૩ કપડાં બદલી ધોવાની અને સાબુથી મેલ ધોયા વગર વાળ અને શરીર ધોવાની છૂટ છે.

૪ તમારા ઈરાદા વગર વાળ તૂટે કે ખરે તો વાંધો નથી. વાળ ધોતાં બે કે ત્રણ વાળ તૂટે તો એક મુઠ્ઠી ઘઉં સદકો કરવો. ત્રણ થી વધારે વાળ તૂટે તો પોણા બે કિલો ઘઉં સદકો કરવો.

૫ ધાબળો, રજાઈ, સ્લીપીંગ બેગ વગેરેથી પગ સહિત શરીરને ઓઢવાની છૂટ છે. માથું અને ચહેરો ઢાંકવા નહીં.

૬ દાંતે દાતણ–મિસ્વાક ઘસવાની છૂટ છે. (મિસ્વાક સાથે કોઈપણ પ્રકારની ખુશ્બૂ મેળવેલી ન હોવી જોઈએ.

૭ માથા પર કશું ઉપાડવાનો વાંધો નથી.

હઝરત સહલ ઈબ્ને સા'દ રદિઅલ્લાહુ અન્હુ**થી રિવાયત છે કે રસૂલુલ્લાહ** સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે **ફરમાવ્યું, " જયારે મુસ્લિમ** તલ્બીયહ **પઢે છે, ત્યારે ખરેખર પ્રત્યેક પથ્થર, ઝાડ અને તેના જમણે તથા ડાબેની જમીન પૃથ્વીના અંત સુધીની તેની સાથે** તલ્બીયહ **પઢે છે."**

તિરમીઝી

હઝરત ઈબ્ને અબ્બાસ રદિઅલ્લાહુ અન્હુ**માથી રિવાયત છે કે રસૂલુલ્લાહ** સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે **ફરમાવ્યું, "રોજ દિવસે અને રાતે અલ્લાહ તરફથી એકસો વીસ રેહમતો કા'બા પર ઊતરે છે, સાઈઠ તવાફ કરનારાં પર, ચાલીસ નમાઝ પઢનારાં પર અને વીસ જેઓ ફક્ત કા'બાને જોઈ રહ્યાં છે તેમના ઉપર."**

બૈહકી

મક્કાહ મુકર્રમહમાં

એહરામ બાંધ્યા પછી મક્કા પહોંચો ત્યાં સુધી અલ્લાહ તઆલાની યાદમાં, તૌબા ઈસ્તિગફાર અને વધુમાં વધુ તલ્બીયહ પઢવામાં મશગુલ રહો.

૧ મક્કાહના પાક શહેરમાં ખૂબ જ અદબ અને નમ્રતા સાથે તલ્બીયહ પઢતાં પઢતાં દાખલ થાવ.

૨ વ્યવસ્થા કરી તરત પાક મસ્જિદમાં જાવ જે મસ્જિદે હરામ તરીકે ઓળખાય છે. મસ્જિદમાં અત્યંત નમ્રતાથી અને અલ્લાહ તઆલાની મહાનતા તથા જગ્યાની પવિત્રતાનો ખ્યાલ રાખી પ્રવેશો.

૩ મસ્જિદમાં દાખલ થતાં જમણો પગ અંદર મૂકી આ પઢો :

بِسْمِ اللّٰهِ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ
اَللّٰهُمَّ افْتَحْ لِيْ اَبْوَابَ رَحْمَتِكَ

બિસ્મીલ્લાહી વસ્સલાતુ વસ્સલામુ અલા રસૂલિલ્લાહ. અલ્લાહહુમ્મફ્તહ લી અબવાબા રહમતિક.

"અલ્લાહના નામથી. અલ્લાહના રસૂલ પર શાન્તિ અને સલામ (અલ્લાહના) હે અલ્લાહ, મારા માટે તારી રહમતોના દરવાજા ખોલી દે."

૪ જયારે કા'બા જુઓ ત્યારે ત્રણ વાર આ પઢો :

اَللّٰهُ اَكْبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

અલ્લાહુ અકબર. લા ઈલાહ ઈલ્લલ્લાહ

"અલ્લાહ સૌથી મહાન છે. અલ્લાહ સિવાય કોઈ મઅ્બુદ નથી."

પછી દરૂદ શરીફ પઢો અને કા'બા તરફ મોઢું રાખી ઊભા રહી દુઆ માંગો.

નોંધ : આ ઘડી કિંમતી છે, જે દુઆ કરો તે અલ્લાહ ચોક્કસ કબૂલ કરે છે. શકય એટલી વધુ દુઆ માંગો. આ દુઆ માંગવાનું ચૂકશો નહીંઃ

> "હે અલ્લાહ, મને તું આ દુનિયામાંથી ઉઠાવે ત્યારે ઈમાનની સાથે ઉઠાવજે. હે અલ્લાહ, મને હિસાબ વગર જન્નતમાં દાખલ કરજે. હે અલ્લાહ, મારી બધી દુઆ કબૂલ કર અને મને દીન પર મક્કમ રાખ."

આ આજીઝ લેખકને પણ દુઆમાં યાદ કરશો એવી નમ્ર અપીલ છે.

મસ્અલહ : હૈઝ (માસિક રજસ્વાલા) કે નિફાસ (પ્રસુતિ પછીનો સમય) વાળી સ્ત્રીએ મસ્જિદમાં પ્રવેશવું નહીં.

હઝરત જાબીર રદિઅલ્લાહુ અન્હુની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ થી રિવાયત છે કે, "ઝમઝમનું પાણી જે તે (હેતુ) માટે છે જે માટે એ પીવાય (એટલે પાણી પીતી વખતે માણસ જે નિય્યત કરે) તે હેતુ પૂરો થશે, દા.ત. તરસ માટે, ખોરાક તરીકે, દવા તરીકે, વગેરે)"

ઈબ્ને માજહ

તવાફ

હવે તમારે તવાફ કરવાનો છે જે ઉમરહમાં ફર્ઝ છે. તવાફ દરમિયાન દુઆ અને અલ્લાહ તઆલાની યાદમાં રહો. કુર્આન શરીફ પઢવાની પણ છૂટ છે. મોટા અવાજે ન પઢો કેમકે બીજા તવાફ કરનારાને એનાથી ખલેલ થાય છે.

૧ કા'બાના તે ખૂણા તરફ આગળ વધો જયાં હજ્રે અસ્વદ છે.

૨ કા'બા થી મસ્જિદે હરામની કમાનવાળી દીવાલો તરફ જોશો તો કા'બાના ચાર ખૂણા પૈકીના એકની બરાબર સામે લીલી બત્તી દેખાશે. (કા'બાના) આ ખૂણામાં હજ્રે અસ્વદ છે. હજ્રે અસ્વદ ની જગા જાણવાની બીજી નિશાની એ છે કે હાલ તે કા'બાના તે ખૂણામાં છે જયાં એક જ મિનારો છે, (બાકીના ત્રણ ખૂણાઓના બબ્બે મિનારા છે.)

નોંધ : હજ્રે અસ્વદનું બરાબર સ્થાન બતાવવા આરસપહાણની કથ્થાઈ / કાળા રંગની પટ્ટી ભોંય પર હતી, પણ હવે તે નથી. તેથી તમને ચોક્કસ ખબર ન પડે કે તમે બરાબર હજ્રે અસ્વદની લાઈનમાં છો તમારે એ બાબત અંદાજ લગાડવો.

યાદ રાખો કે, તવાફ સહીહ રીતે શરૂ અને પૂરો થાય એ જરૂરી છે. તવાફની ખરી શરૂઆત માટે તે હજ્રે અસ્વદની રેખા (લાઈન) સાથે શરૂ થવો જોઈએ, જો હજ્રે અસ્વદ પસાર થયા પછી શરૂ થશે તો અધૂરો રહેશે. એ જ રીતે સાતમો ચક્કર હજ્રે અસ્વદની રેખામાં જ પૂરો થવો જોઈએ.

૧ સફા
૨ બે લીલી બત્તી વચ્ચેનો વિસ્તાર
૩ મસઆ (સઈ કરવાની જગા)
૪ મરવહ
૫ ઝમઝમના પાણી પીવાના નળ
૬ હજ્રે અસ્વદ

૭
૮
૯
૧૦
૧૧
૧૨



મુલ્તઝમ
કા'બાનો દરવાજો
મકામે ઈબ્રાહીમ
હતીમ
કા'બા
રૂકુને યમાની



નોંધ
વ્હીલચેરો સફા
પાસે મળે છે

જે ચાલી ને તવાફ કે સઈ કરવા શક્તિમાન ન હોય તે જ વ્હીલચેર વાપરે. મજબુરી વગર વ્હીલચેર પર બેસી તવાફ કે સઈ કરવાથી દમ લાગુ પડશે.

જો તવાફ હજ્રે અસ્વદની રેખાએ પહોંચતા પહેલાં બંધ કરી દે તો તે અધૂરો ગણાશે.

૩ આ ખૂણે પહોંચતા અગાઉ ઈઝતિબા કરો, (ઉપરની ચાદર જમણા ખભાની નીચેથી કાઢી જમણા ખભાને ખુલ્લો કરવાને ઈઝતિબા કહે છે.) તલ્બીયહ પઢવાનું બંધ કરો અને તવાફ કરવાની નિય્યત કરો (જે ફર્ઝ છે) ખૂણે પહોંચતાં અગાઉ નિય્યત કરવી અત્યંત જરૂરી છે. નિય્યત વગર સાત ચક્કર પૂરા કરી લેવાથી તવાફ અદા થશે નહી.

૪ નિય્યત કર્યા પછી ખૂણે પહોંચો અને હજ્રે અસ્વદથી તમારા સ્થાનનો અંદાજ લગાવો. તમને લાગે કે, તમે તેની રેખા લાઈનમાં છો ત્યારે થોભો.

૫ જયાં છો ત્યાં જ થોભી, કા'બા તરફ ફરો.

૬ હાથ કાનો સુધી ઊઠાવી (હથેળીઓ હજ્રે અસ્વદ સામે રહે) આ પઢો :

بِسْمِ اللهِ اَللهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ

બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ

"અલ્લાહના નામથી, અલ્લાહ સૌથી મહાન છે, અને સર્વે વખાણ અલ્લાહ માટે છે." (આ તવાફની તહરીમા છે.) આ તવાફના આરંભે ફકત એક જ વખત કરવાની છે.

૭ હજ્રે અસ્વદ પર બન્ને હથેળીઓ મૂકી અવાજ ન થાય એ રીતે બોસો દો–ચૂમો. જો ચૂમવાનું શકય ન હોય તો, એક કે બન્ને હાથોથી ફકત અડકો અથવા હાથ ઊઠાવો (હજ્રે અસ્વદ સામે હથેળીઓ રાખી) અને આ પઢો :

بِسْمِ اللهِ اَللهُ اَكْبَرُ

બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર

"અલ્લાહના નામથી, અલ્લાહ સૌથી મહાન છે."

અને હાથ ચૂમો. આને ઈસ્તિલામ કહેવાય. આ દરેક ચક્કરના અંતે કરવું જોઈએ. આમાં હાથ કાનો સુધી ઉઠાવવાના હોતા નથી. હજરે અસ્વદની ઉંચાઈનો અંદાજ કરી એની સામે કરવાના હોય છે.

૮ હવે કા'બા તમારી ડાબી બાજુ રહે એ રીતે જમણે ફરો અને કા'બા ફરતે (ઘડિયાળની અવળી દિશામાં ચાલતા હોવ એ રીતે) ચાલો જયાં સુધી હજ્રે અસ્વદની લાઈનમાં છો એવો અંદાજ આવે ત્યાં સુધી ચાલતા રહો, લાઈનમાં આવો ત્યારે થોભો, જયાં છો ત્યાં જ ઊભા રહી ઈસ્તિલામ કરો. હવે તમે એક ચક્કર પૂરો કર્યો. તવાફ પૂરો કરવા આવા સાત ચક્કર પૂરા કરો.

૯ સાતમો ચક્કર પૂરો કરો ત્યારે તમને પૂરો થવાનો સંતોષ થાય ત્યાં સુધી ચાલતા રહો. થોભો, પછી હજરે અસ્વદનો ઈસ્તિલામ કરો અને મકામે ઈબ્રાહીમ પાસે જઈ બે રકાત વાજિબ પઢો. પહેલી રકાતમાં **'કુલ યા અય્યુહલ કાફિરુન'** અને બીજી રકાતમાં **'કુલ હુવલ્લાહુ અહદ'** પઢવું સુન્નત છે. તે પછી દુઆ માંગો.

નોંધ : મકામે ઈબ્રાહીમ પાસે જગા ન મળે, તો પાક મસ્જિદની અંદર ગમે ત્યાં બે રકાત પઢી શકાય.

૧૦ હવે મકામે ઈબ્રાહીમની પાછળ કમાનવાળી દિવાલો તરફ જાવ જયાં ઝમઝમના નળ છે. કા'બાની દિશા સામે મોઢું કરી ઊભા રહી ઝમઝમનું પાણી પીવાય એટલું પીઓ. શરીર ઉપર પણ રેડો.

૧૧ ઝમઝમથી પાછા મુલ્તઝમ જાવ અને કા'બાને ભેટો, હાથો માથાની ઉપર ફેલાવી કા'બા પર જમણો ગાલ અને કયારેક ડાબો ગાલ ટેકવી દુઆ માંગો કેમકે તમે જે માંગશો તે અલ્લાહ તઆલા ચોક્કસ કબૂલ કરશે.

નોંધ : તમે ચાહો તો, ઝમઝમ પીવા જતાં અગાઉ પણ મુલ્તઝમ પાસે જઈ શકો.

૧૨ હજ્રે અસ્વદ પાછા ફરો અને ઈસ્તિલામ કરો. સ‘ઈ પહેલાંનો આ ઈસ્તિલામ મુસ્તહબ છે.

મસ્અલહ : હજરે અસ્વદને બોસો આપવા જતી વેળા ત્યાં ભીડ હોય તો ત્યાં ન જવું કારણ કે, હજ્રે અસ્વદને ચૂમવાનું સુન્નત છે, જયારે મુસ્લિમોનો માનમોભો સાચવવાનું ફર્ઝ છે. સુન્નત ને માટે ફર્ઝનો ભોગ ન અપાય, કેમ કે ફર્ઝનો ભંગ થાય તો અલ્લાહ તઆલા સુન્નત કબૂલ કરશે નહીં. કેટલાક હાજી હજ્રે અસ્વદને ચૂમવાના ઉત્સાહમાં, જે ફકત સુન્નત છે, આ બાબાત તરફ બેદરકાર રહે છે. આ સુન્નતનો અમલ કરવામાં કોઈ મુસ્લિમને ઈજા પહોંચાડવી હરામ (પ્રતિબંધિત) છે. હરામ કાર્ય કરીને સુન્નતનો અમલ કઈ રીતે કરાય ? એટલે, જયારે ભીડ હોય ત્યાં ફકત હાથ ઊઠાવી **‘બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર’** પઢી લોકોના પ્રવાહ સાથે ચાલતા રહેવું. ઈન્શાઅલ્લાહ, અલ્લાહ રહેમ કરશે અને તમને વધુ અજર આપશે.

મસ્અલહ : તવાફ માટે નક્કી સૂચિત દુઆ નથી. આપણે આ દુનિયા અને આખેરતબન્નેમાંઆપણીહાજતોપૂરીથાયએવીદુઆમાંગવીજોઈએ.

મસ્અલહ : હતીમ કા‘બાનો ભાગ છે. એટલે તવાફ પૂરો કરવા માટે હતીમની ફરતે જવું જોઈએ. હતીમના અંદરથી ન જવું.

મસ્અલહ : પુરુષો માટે પહેલા ત્રણ ચક્કરમાં રમલ (જે ચાલવાની એક ખાસ રીત છે.) કરવાનું સુન્નત છે.

મસ્અલહ : ઈઝતિબા ફકત પુરુષો માટે જ છે, અને તે ફકત તવાફ દરમિયાન જ સુન્નત છે. તવાફના સાત ચક્કર પૂરા થયા પછી ઈઝતિબા ખતમ કરો.

મસ્અલહ : તવાફ દરમિયાન તમે રૂકને યમાની પાસે આવો ત્યારે બન્ને હાથે અથવા જમણા હાથે ફકત તેને અડકો. આ ખૂણે ચૂમવાનું કે બન્ને હાથ ઊઠાવવાનું સુન્નત નથી.

મસ્અલહ : રૂકને યમની અને હજ્રે અસ્વદની વચ્ચે આ પઢવું સુન્નત છે :

رَبَّنَا اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ

રબ્બના આતિના ફિદ્દ દુનિયા હસનતવ વફિલ આખિરતી હસનતવ વકિના અઝાબન્ નાર

“હે અલ્લાહ, અમને આ દુનિયાની ભલાઈ અતા કર, અને આખેરતની ભલાઈ, અતાકર અને આગના અઝાબથી બચાવ.”

મસ્અલહ : તવાફ દરમિયાન કા‘બા હંમેશ પોતાની ડાબી બાજુ હોવો જોઈએ. તમારી પીઠ, છાતી કે જમણો હાથ કા‘બા તરફ ન રાખો.

હઝરત ઈબ્ને ઉમર રદિઅલ્લાહુ અન્હુ થી રિવાયત છે કે, તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ફરમાવતા સાંભળ્યા, “અડવાનું (હજ્રે અસ્વદને) ગુનાઓને દૂર કરે છે અને જે યોગ્ય રીતે તવાફ કરે છે (નિયમ પ્રમાણે) તો બદલો ગુલામ આઝાદ કરવાનો (ના જેવો) છે અને પોતાનો પગ જમીન પર મૂકતો નથી કે ઊઠાવતો નથી (તવાફમાં) સિવાય કે અલ્લાહ એક ગુનો (તેના અમલોમાંથી) દૂર કરે અને તેના માટે એક નેકીનો હુકમ કરે.”

તિરમીઝી

સ'ઈ

૧ ઈસ્તિલામ પછી સફા પહાડી ઉપર જાવ હજરે અસ્વદથી પાછળ ફરી દીવાલ પરની લીલી બત્તીની દિશામાં ચાલતા રહો, એ તમને સફા પહાડી પાસે પહોંચાડશે.

૨ સફા ઉપર ચઢો, ત્યાં સુધી કે મસ્જિદે હરામના થાંભલા વચ્ચેથી કા'બા દેખાય, અને સ'ઈની નિય્યત કરો.

૩ કા'બા સામે રહી, દુઆ માંગતી વખતે રખાય છે એ રીતે બન્ને હાથ ખભા સુધી ઊઠાવો. પછી ત્રણ વાર આ પઢો:

اَللّٰهُ اَكْبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

અલ્લાહુ અકબર લા ઈલાહ ઈલ્લલ્લાહ

''અલ્લાહ સૌથી મહાન છે, તેના સિવાય કોઈ માઅ્બૂદ નથી.''

૪ દુરૂદ શરીફ પઢી તમારી અને બીજાઓની સારી ઈચ્છાઓ પૂરી થાય એવી દુઆ માંગો. લાંબા સમય સુધી દુઆ માંગતા રહો, કેમકે આ જગ્યાની દુઆ કબૂલ થાય છે.

૫ હવે (સામાન્ય ચાલે) મરવાહ (બીજી બાજુ) તરફ ચાલો. સફા અને મરવાહની વચ્ચે ચાલતાં અલ્લાહ તઆલાનો ઝીક્ર અને દુઆ કરતા રહો.

૬ જયારે લીલી બત્તીઓએ પહોંચો ત્યારે ચાલ ઝડપી કરો અને બીજી લીલી બત્તીઓએ પહોંચો ત્યાં સુધી ધીરેથી દોડતા રહો. તે પછી મરવાહ પહોંચો ત્યાં સુધી સામાન્ય ચાલ ચાલો. સ્ત્રીઓએ લીલી બત્તીઓ વચ્ચે પણ સામાન્ય ચાલે ચાલવું, દોડવું નહી.

૭ મરવાહ પર પણ એવી જગ્યા સુધી જાઓ જયાં થી કા'બા દેખાય. અહીં પણ સફા જેમ જ કરવું. કાબા તરફ મોઢું કરી હાથ ઉઠાવી દુઆ કરવી. આ એક ચક્કર થયો.

નોંધ : કા'બા મરવાહથી દેખાતો નથી, એટલે મરવાહ ચઢી કા'બાની દિશાનો અંદાજ લગાવો.

૮ મરવાહથી સફા તરફ ઉપર વર્ણવ્યુ એ રીતે જ જાઓ. સફા પહોંચો એટલે બીજો ચક્કર પૂરો થયો.

૯ આ રીતે સાત ચક્કર પૂરા કરો. છેલ્લો ચક્કર મરવાહ પર પૂરો થશે.

૧૦ સઈ કરવા પછી આ તબક્કે મસ્જિદે હરમમાં બે રકાત પઢવી મુસ્તહબ છે.

મસ્લહ : સ'ઈ દરમિયાન કોઈ ખાસ દુઆની પાબંદી નથી. તમે ચાહો તે દુઆ માંગી શકો. પણ આ પઢવું સુન્નત છે.

رَبِّ اغْفِرْ وَارْحَمْ اَنْتَ الْاَعَزُّ الْاَكْرَمُ

રબ્બીગ ફિર્ વર્હમ અન્તલ અ'અઝ્ઝુલ અકરમ

"હે મારા રબ, માફ કર અને દયા કર. તું સૌથી પ્રભાવશાળી અને સૌથી ઉદાર છે.

મસ'આ



હલક

સ'ઈ પૂરી કરી, તમારે માથું મૂંડાવવું અથવા આખા માથાના વાળ એવી રીતે ટૂંકા કરવા કે દરેક વાળ ઓછામાં ઓછો એક ઇંચ કપાય (કસર કરવું) પરંતુ માથું મૂડાવવાની વધુ ફઝીલત છે.

સ્ત્રીઓએ ચોટલીના છેડેથી એક ઇંચથી સહેજ વધારે કાપવા.

મૂંડન કે વાળ કાપ્યા પછી, ઉમરહની વિધિ પૂરી થઈ, અને એહરામની પાબંદીઓ ઊઠી ગઈ.

અલ્લાહ તઆલા આપનો ઉમરહ કબૂલ કરે અને એની બરકતોથી નવાજે.

હઝરત યહયા ઈબ્ને હુસૈને એમના દાદાના સંદર્ભથી જણાવ્યું કે વિદાયની હજ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લહુ અલયહિ વસલ્લમે માથું મૂંડાવનારા માટે ત્રણ વાર દુઆ કરી અને વાળ ટૂંકા કરાવનારા માટે ફક્ત એક વાર.

મુસ્લિમ

મક્કાહ મુકર્રમહમાં હોય ત્યારે

૧ નમાઝ, દુઆ અને કુરાન શરીફની તિલાવતમાં મશગુલ રહો. ઓછામાં ઓછું એક વાર કુરાન શરીફ પૂરું કરો.

૨ દરેક ફર્ઝ નમાઝ જમાઅત સાથે મસ્જિદે હરામમાં પઢો. આ એક નમાઝ બીજે પઢવાની સરખામણીએ પચીસ લાખ બરાબર છે.

૩ થઈ શકે એટલા નેક અમલો કરો કેમકે મક્કાનો પ્રત્યેક નેક અમલ એક લાખ નેકીઓ બરાબર છે. પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસ્સલ્લમે ફરમાવ્યું.

"મક્કાહ સિવાય પૃથ્વી પર કોઈ અન્ય શહેર નથી જયાં અલ્લાહ એક નેકીને એક લાખ ગણી કરતા હોય છે."

૪ તમામ હરામ અને ધિક્કારપાત્ર કામો અને ચીજોથી બચો. હઝરત ઉમર અને હઝરત ઈબ્ને અબ્બાસ રદિઅલ્લાહુ અન્હુમએ ફરમાવ્યું :

"મક્કાહમાં એક ગુનો કરવા કરતાં હું રૂકયહમાં સિત્તેર ગુનાઓ કરવાનું પસંદ કરું."

નોંધ : રૂકયહ મક્કાહ બહારની જગ્યા છે.

૫ શકય તેટલા તવાફ કરો કેમકે નફલ નમાઝ કરતાં નફલ તવાફની ફઝીલત વધુ છે.

નોંધ : નફલ તવાફ પછી પણ મકામે ઈબ્રાહીમ પર બે રકાત પઢવી વાજીબ છે.

૬ જયારે તક મળે ત્યારે હતીમમાં જઈ નમાઝ પઢો.

૭ જન્નતુલ મ'અલા (મક્કાની કબ્રસ્તાન) તથા અન્ય પાક જગ્યાઓની મુલાકાત કરો.

૮ તમારા સમયનો નેક અમલો કરવામાં ઉપયોગ કરો. યાદ રાખો! તમને આ તક ફરી ન પણ મળે.

જયારે વ્યક્તિ હજ કે ઉમરહ માટે નીકળે છે અને માર્ગમાં મૃત્યુ પામે છે, તો તેને (અલ્લાહ સમક્ષ) ચૂકાદા માટે લાવવામાં નહીં આવે, અને તેને હિસાબ નહીં આપવો પડે. તેને કહેવામાં આવશે : જન્નતમાં દાખલ થા.

તરગીબ

હઝરત ઈબ્ને અબ્બાસ રદિઅલ્લાહુ અન્હુથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મક્કાને સંબોધન કર્યું, ''તું કેટલું સુંદર નગર છે અને મને સૌથી વધુ પ્રિય. જો મારા લોકોએ મને નગર નિકાલ ન કર્યો હોત તો હું બીજે ન રહેત.''

તિરમીઝી

વિશેષાર્થ શબ્દકોશ

અલ્ હજ્રે અસ્વદ કા'બાના અગ્નિ ખૂણે જડેલો પથ્થર જમીનથી લગભગ ૪.૫ ફૂટે ચાંદીના ખોખામાં છે.

અલ્ મસ્જિદે હરામ મક્કાહની પવિત્ર મસ્જિદ.

અલ્ રૂકનુલ યમાની હજ્રે અસ્વદ જે ખૂણામાં છે તેની પહેલાનો કા'બાનો ખૂણો

બયતુલ્લાહ જુઓ કા'બા

દીન ઈસ્લામ ધર્મ

દુઆ યાચના

દુરૂદ શરીફ પાક પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લામ પર સલામ.

ફર્ઝ આવશ્યક, ફરજિયાત

ગુસ્લ સ્નાન

હલક માથું મૂંડાવવું.

હરામ પ્રતિબંધિત

હતીમ કા'બા બહારનું અર્ધ–વર્તૂળ

ઈઝતિબા ચાદરનો એક છેડો (ઉપરનું શરીર ઢાંકતો) ડાબા ખભે રાખી, બીજો છેડો જમણી બગલની નીચેથી લઈ છાતી પરથી ડાબા ખભે નાંખવો, આ રીતે જમણો આખો હાથ અને ખભો તદ્દન ઉઘાડા રાખવા.

એહરામ ખાસ પોશાક પહેરવો (બે સીવ્યા વગરની ચાદરો, નવી સફેદ વધુ સારી) પછી ઉમરહની નિય્યત કરી તલ્બીયહ પઢવું. આને એહરામ કહેવાય છે કેમ કે આ ત્રણ કાર્યો કર્યા પછી કેટલાંક હલાલ

કામો હરામ થઈ જાય છે. ઓરતો ખાસ પોશાક પહેર્યા વગર એહરામમાં દાખલ થાય છે. આ ફકત પુરૂષો માટે જ છે.

ઈસ્તિગફાર અલ્લાહ તઆલાથી માફી–ક્ષમા માંગવી.

ઈસ્તિલામ પૃષ્ઠ ૧૪ જુઓ, ક્રમ નં. ૭

કા'બા અલ્લાહ તઆલાનું પાક ઘર જે મક્કાહની પવિત્ર મસ્જિદના મધ્યમાં છે.

મકરુહ તહરીમી પ્રતિબંધિત

મકામે ઈબ્રાહીમ કા'બાના દરવાજાથી થોડા મિટરને અંતરે નાની હાટડી છે. (સોનેરી રંગની) જેમાં એક પથ્થર પર પયગમ્બર ઈબ્રાહિમ અલયહિસ્સલામના પગલાની છાપ છે. પગલાની નિશાની કા'બાના બાંધકામ વખતે પડેલી.

મરવાહ જુઓ સફા.

મસ'આ જુઓ સફા અને મરવાહ.

મીકાત એહરામ બાંધવા માટે નક્કી થયેલ જગ્યા, અથવા બીજા શબ્દોમાં, એ હદ જેની પાર મક્કાહ જવાના ઈરાદાવાળી વ્યક્તિ એહરામ વગર ન જઈ શકે. (જિદ્દાહ આ હદની અંદરની તરફ છે, એટલે જિદ્દાહ પહોંચતાં અગાઉ એહરામ બાંધવો જોઈએ).

મિસ્વાક દાતણ.

મુલ્તઝમ કા'બાનો તે ભાગ જે હજ્રે અસ્વદ અને કા'બાના દરવાજા વચ્ચે છે. આ અરબી શબ્દથી બને છે જેનો અર્થ જોડાવું થાય છે, કદાચ એટલે આ કહેવાય છે કે કા'બાના આ ભાગે વ્યક્તિએ શરીર આલિંગન કરવું.

મુસ્તહબ ઈચ્છનીય.

નફલ વૈકલ્પિક, મરજિયાત.

નિય્યત ઈરાદો.

રમલ ઝડપી ચાલે ટૂંકા ડગલે ચાલવું, પગો જોરથી ઊપાડવા, છાતી કાઢવી, અને સાથે જ ખભા હલાવવા.

સ'ઈ સફા અને મરવાહ વચ્ચે સાત વાર ચાલવું. આ ચાલીને થાય છે, સિવાય કે વચ્ચેના ભાગે, જયાં આજે લીલી બત્તીઓ છે, ત્યાં ચાલ ઝડપી કરાય છે.

સુન્નત પાક પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ચીંધેલ રીત શારીરિક કે શાબ્દિક.

તલ્બીયહ પૃષ્ઠો ૫ અને ૬ જુઓ.

તવાફ કા'બાની ચોતરફ ચક્કર ફરવાની વિધિ, હજ્રે અસ્વદથી શરૂ થાય. આ ઘડિયાળની અવળી ગતિમાં કા'બા ડાબી બાજુ રહે એ રીતે સાત વાર થાય.

ઉમરહ મીકાત કે (જે લોકો મક્કાહમાં હોય) મસ્જિદે તન્ઈમથી એહરામ બાંધી, કા'બાનો તવાફ કરી, સફા અને મરવાહ વચ્ચે ચાલી અને માથું મૂંડાવવુ. આ વિધિઓ સંપૂર્ણ મક્કામાં જ થાય છે.

વાજિબ આવશ્યક, ફર્ઝ થી નીચે.

વુઝુ વિધિસર હાથ મોં પગ ધોવા.

ઝમઝમ મક્કાહમાં બરકતવંત પાણી.

નોંધ

નોંધ

નોંધ

ઈસ્લામિક દા'વહ અકાદમી
જામિ'અહ રિયાઝુલ ઉલૂમ

જામિ'અહ રિયાઝુલ ઉલૂમ નિવાસી શૈક્ષણિક સંસ્થા છે જે મેલ્બોર્ન રોડ, લેસ્ટર, યુ.કેમાં આવેલી છે. એની સ્થાપના રમઝાન ૧૪૧૯ (ડિસેમ્બર ૧૯૯૮) માં ૧૬ વર્ષથી ઉપરના ઈસ્લામ વિશેના પોતાના જ્ઞાનની વૃધ્ધિ ઈચ્છતા વિધાર્થીઓને પૂર્ણ સમયનું દીની શિક્ષણ આપવાના હેતુથી થયેલી.

સંસ્થા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો વિકસાવવાની નેમથી ઉચ્ચતમ સ્તરનું ઈસ્લામી શિક્ષણ આપવા પ્રયાસ કરે છે, તેથી પ્રવેશ સંખ્યા મર્યાદિત છે.

સંસ્થામાં હાલ દિવ્ય કુર્આન હિફ્ઝ, કિર્આત તથા છ વર્ષીય પૂર્ણ સમયનો ઈસ્લામી ધર્મશાસ્ત્રના અભ્યાસક્રમો છે, જે ઈસ્લામની વિવિધ વિધાશાખાઓને આવરી લે છે.

આનો લાભ લેવા, કોઈ રીતે સહાયક થવા, કે વધુ માહિતી માટે સંપર્ક કરો :

Jame'ah Riyadul 'Uloom, 120 Melbourne Road, Leicester, England LE2 ODS
Tel. (0116) 262 5440